**નમૂનાનું પ્રશ્નપત્ર** (સેમ્પલ પેપર)

ગુજરાતી

૧. નીચેના ગદ્યખંડના આધારે **A** અને **B** માંથી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.

માનવ પ્રાથમિક અવસ્થામાંથી ધીમે ધીમે સમાજમાં જીવતો થયો અને એની સાથે એણે ભાષા વિકસાવી. ભાષા વિશે જાણવું એટલે ભાષાના ઘટક તત્વો , એનાં સંયોજનો અને એમની કાર્યપધ્ધતિ વિશે જાણવું . આવી જાણકારીને પધ્ધતિસર રજૂ કરતું શાસ્ત્ર તે ભાષાવિજ્ઞાન.

પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણાતો માનવ એની ભાષાને કારણે બીજા પ્રાણીઓથી તરત જુદો તરી આવે છે. માનવીએ ભાષા ઉપજાવી, કારણ કે એ વિચારી શકે છે અને લાગણી પણ અનુભવી શકે છે. જ્યારે બીજા પ્રાણી વિચારી શકતા નથી. એમની લગભગ દરેક પ્રવૃતિ સાહજિક વૃતિઓથી અને લાગણીઓથી પ્રેરિક હોય છે. માનવીએ ભાષા ઉપજાવી અને એના પરિણામે સંસ્કૃતિ વિકસાવી . રોબર્ટ હોલ નામનો વૈજ્ઞાનિક તો એમ પણ કહે છે કે " માનવજાતિ ભાષાનો ઉપયોગ શરૂ થયો ત્યારથી જ સાચા અર્થમાં 'માનવ' બનવા લાગી , તે પહેલાં નહિ"

આથી માનવ-ભાષા માનવસમાજના વિકાસની સાથે સાથે પરસ્પરના વ્યવહારના એક માધ્યમ તરીકે પણ અસ્તિત્વમાં આવી.

**A-** ભાષા વિજ્ઞાન એટલે ----

(અ) – ભાષાની જાણકારી મેળવવી

(બ) – બોલતાં –લખતાં આવડે તે

(ક) - ભાષાના ઘટક તત્વો - સંયોજનોની પધ્ધતિસરની રજૂઆત

(ડ) - પરસ્પર વ્યવહાર ભાષા દ્વારા કરીએ તે

B - ઉપરના ગધખંડનું યોગ્ય શિર્ષક આપો

(અ) – પ્રાણીઓમાં શ્રેષ્ઠ માનવ

(બ) – વ્યવહારના માધ્યમ તરીકે ભાષા

(ક) - માનવીની શ્રેષ્ઠતા- વિચારવાની શક્તિ

(ડ) - સંસ્કૃતિ વિકસના મૂળમાં ભાષા

૨. “આવેલી તક ગુમાવવી” અર્થને કઇ કહેવત લાગુ પડે છે ?

(અ) – છાશ લેવા જવું અને દોણી સંતાડવી

(બ) – શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી

(ક) - લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું

(ડ) - લાગ્યું તો તીર નહિ તો તુક્કો

૩. નીચે આપેલા રૂઢિપ્રયોગનો સાચો અર્થ બતાવો

અંગુઠાનો રાવણ કરવો

(અ) – અસત્યનું આચરણ કરવું

(બ) – આનાકાની કરવી

(ક) - વધારી વધારીને કહેવું

(ડ) - ટીક્કો બતાવવો

૪. ‘અરજ’ નો સમાનાર્થી શબ્દ આપો

(અ) – ખોરજ (ક) - ફરજ

(બ) - મલાજો (ડ) – વિનંતી

૫. ‘ નિશીથ’ શબ્દનો વિરૂધ્ધાર્થી આપો

(અ) – દિવસ (ક) - જ્યોતિષ્મતી

(બ) - શર્વરી (ડ) – વિભાવરી

૬. નીચેના પૈકી કઇ જોડણી સાચી છે?

(અ) – ઉંચુનીચુ (ક) - ઊચુંનીચું

(બ) - ઊંચુંનીંચું (ડ) – ઉંચૂનીચું

૭. અલંકાર ઓળખાવો ‘તરણા ઓથે ડુંગર રે ! ડુંગર કોઇ દેખે નહિ’

(અ) – અનન્વય (ક) - શ્લેષ

(બ) - વિરોધાભાસ (ડ) – વ્યતિરેક

૮. ‘અષ્ટાધ્યાયી’ શબ્દનો સમાસ ઓળખાવો

(અ) – તત્પુરૂષ (ક) - કર્મધારય

(બ) - દ્વિગુ (ડ) – મધ્યમપદલોપી

૯. ‘ શું કરવું તે સૂઝે નહિ તેવી અવસ્થા’ માટેનો પારિભાષિક શબ્દ આપો

(અ) – દૂધમાં અને દહીંમાં (ક) - હાલકડોલક

(બ) - કિંકર્તવ્યમૂઢ (ડ) – સંદિગ્ધાવસ્થા

૧૦. સાચી સંધિ દર્શાવો

(અ) – કાલ+ ઇશ્વર = કાલશ્વર

(બ) – વ્યોમ+ઇશ = વ્યોમેશ

(ક) - રજની+ઇશ = રજનીશ

(ડ) - કવિ+ઇન્દ્ર = કવિન્દ્ર

૧૧. નીચેની પંક્તિનો છંદ ઓળખાવો

" ઓ ઇશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ ,

ગુણ તારા નિત ગાઇએ, થાય અમારા કામ"

(અ) – ચોપાઇ (ક) - દોહરો

(બ) - ઝૂલણા (ડ) – હરિગીત

૧૨. ગુજરાતી સહિત્યની કૃતિઓ અને લેખકો પૈકી નીચેનામાંથી કઇ જોડી સાચી છે?

(અ) – 'મળેલા જીવ' - પીતામ્બર પટેલ

(બ) – ' નિશીથ' - ઉમાશંકર જોશી

(ક) - ગુજરાતનો નાથ - પન્નાલાલ પટેલ

(ડ) - 'કોકિલા' - દર્શક

Answer key

૧. **A** → (ક)

**B** → (ડ)

૨. →→ (ક)

૩. →→ (ક)

૪. →→ (ડ)

૫. →→ (ડ)

૬. →→ (બ)

૭. →→ (ક)

૮. →→ (ક)

૯. →→ (ક)

૧૦. →→ (ખ)

૧૧. →→ (ખ)

૧૨. →→ (ખ)